# રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧, ગાંધીનગર

## કોમન એન્ટ્રન્સ ટેસ્ટ-2025-26 પરીણામ જાહેરનામું
## Common Entrance Test (CET) 2025-26 Result Notification

જાહેરનામાં ક્રમાંક:રાપબો/CET/2025/5033-5122 તા: 07/04/2025

રાજય પરીક્ષા બોર્ડના તા.૧૭/૦૨/૨૦૨૫ના જાહેરનામા ક્રમાંક:રાપબો/CET/2025-26/1555-1642થી જ્ઞાનશક્તિ રેસીડેન્સિયલ સ્કુલ્સ, જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસીડેન્સિયલ સ્કુલ્સ અને રક્ષાશક્તિ સ્કુલ્સમાં ધોરણ-૬માં પ્રવેશ તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટના (CET) મેરીટના આધારે સ્કોલરશીપ યોજના તથા વર્ષ ૨૦૨૫-૨૬થી ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજયુકેશન સોસાયટી હસ્તકની શાળાઓ (એકલવ્ય મોડલ રેસીડેન્સિયલ સ્કુલ્સ (EMRS) અને સૈનિક શાળા)માં આ કોમન એન્ટ્રન્સ ટેસ્ટ(CET) માં મેરીટમાં સમાવેશ થયેલ આદિજાતિ વિદ્યાર્થીઓને ધોરણ-૬માં પ્રવેશ આપવામાં આવનાર છે. આ માટે કોઇ અલગથી પરીક્ષા લેવામાં આવશે નહિ. સદરહું બાબતે રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા.૨૨/૦૩/૨૦૨૫ના રોજ ૧૧.૦૦ થી ૧૩.૩૦ કલાકે કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET) રાજયના તમામ જિલ્લાઓમાં યોજવામાં આવેલ હતી.

આ પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી તા.૨૫/૦૩/૨૦૨૫ના રોજ કચેરીની વેબસાઇટ www.sebexam.org પર મુકવામાં આવેલ હતી અને આ પરીક્ષાના કોઇ પ્રશ્ન / પ્રોવિઝનલ આન્સર કી ના ઉત્તર સામે ઉમેદવાર રજુઆત કરવા માગતા હોય તો નિયત પત્રકમાં તા.૨૬/૦૩/૨૦૨૫ થી તા.૨૯/૦૩/૨૦૨૫ સુધી તમામ વિગતો ભરીને જરૂરી માન્ય આધારો સાથે કચેરીના ઇ-મેઇલ એડ્રેસ sebg.query@gmail.com પર મોકલી આપવા સુચના આપવામાં આવેલ હતી.

ઉમેદવારો દ્વારા પેપરના કોઇ પ્રશ્ન પ્રોવિઝનલ આન્સર કી ઉત્તર સામે મળેલ તમામ રજુઆતોને તજજ્ઞ સમિતિ સમક્ષ મુકવામાં આવેલ હતી. તજજ્ઞ સમિતિ દ્વારા તમામ રજુઆતો અને આધારોની ચકાસણી કર્યા બાદ આ પરીક્ષાની ફાઇનલ આન્સર કી કચેરીની વેબસાઇટ www.sebexam.org પર મુકવામાં આવેલ હતી.

રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા તા.૦૭/૦૪/૨૦૨૫ (સોમવાર)ના રોજ કોમન એન્ટ્રન્સ ટેસ્ટ-(CET) 2025 નું પરીણામ જાહેર કરવામાં આવે છે.

- પરીણામનો વિગતો

| Marks | Male | Female | Total |
|---|---|---|---|
| 0 To 39 | 166988 | 163650 | 330938 |
| 40 To 44 | 31438 | 34537 | 66067 |
| 45 To 49 | 18793 | 20655 | 39500 |
| 50 To 54 | 11743 | 12568 | 24342 |
| 55 To 59 | 7964 | 7808 | 15791 |
| 60 To 64 | 5339 | 4880 | 10242 |
| 65 To 69 | 3849 | 3045 | 6906 |
| 70 To 74 | 2792 | 1935 | 4732 |
| 75 To 79 | 1952 | 1268 | 3226 |
| 80 To 84 | 1331 | 797 | 2128 |
| 85 To 89 | 979 | 434 | 1414 |
| 90 To 94 | 641 | 283 | 924 |
| 95 To 99 | 384 | 145 | 531 |
| 100 To 104 | 144 | 62 | 206 |
| 105 To 109 | 60 | 22 | 82 |
| 110 To 114 | 9 | 0 | 9 |
| 115 To 120 | 0 | 0 | 0 |
| Total | 254406 | 252089 | 507038 |

- કોમન એન્ટ્રન્સ ટેસ્ટ(CET)-2025 માં બેસનાર વિદ્યાર્થીઓની કુલ સંખ્યા 507038
- આ પરિણામમાં કુલ 28 શાળાઓના 29 વિદ્યાર્થીઓ 90%(108 ગુણ) કરતા વધુ ગુણ મેળવેલ છે
- આ પરિણામમાં કુલ 559 શાળાઓના 696 વિદ્યાર્થીઓ 80%(96 ગુણ) કરતા વધુ ગુણ મેળવેલ છે
- આ પરિણામમાં કુલ 2276 શાળાઓના 3544 વિદ્યાર્થીઓ 70%(84 ગુણ) કરતા વધુ ગુણ મેળવેલ છે.
- આ પરિણામમાં કુલ 5486 શાળાઓના 11181 વિદ્યાર્થીઓ 60%(72 ગુણ) કરતા વધુ ગુણ મેળવેલ છે.
- આ પરિણામમાં કુલ 10805 શાળાઓના 30400 વિદ્યાર્થીઓ 50%(60 ગુણ) કરતા વધુ ગુણ મેળવેલ છે.
- આ પરિણામમાં કુલ 19863 શાળાઓના 84006 વિદ્યાર્થીઓ 40%(48 ગુણ) કરતા વધુ ગુણ મેળવેલ છે.

નોંધઃ- હાલ કામચલાઉ પ્રથમ મેરીટ યાદીમાં અન્ય/જનરલ વિદ્યાર્થીઓ માટે 50 કરતા વધુ ગુણ મેળવનાર, SC કેટેગરીના વિદ્યાર્થીઓ માટે 45 કરતા વધુ ગુણ મેળવનાર તેમજ ST કેટેગરીના વિદ્યાર્થીઓ માટે 40 કરતા વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીનો સમાવેશ કરવામાં આવેલ છે. સ્વનિર્ભર/ખાનગી શાળાના વિદ્યાર્થીઓની મેરીટયાદી અલગથી બનાવવામાં આવશે.

સંબંધિત કચેરી દ્વારા ટૂંક સમયમાં વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશનની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. આ પરિણામની યાદીના વિદ્યાર્થીઓને જે તે યોજના અંતર્ગત સરકારશ્રીના ઠરાવો અને પ્રવર્તમાન નિયમો/જોગવાઇ અનુસાર સંબંધિત કચેરી દ્વારા આપવાના થતા લાભ અંગેની આગળની આનુષાંગિક કાર્યવાહી કરવામાં આવશે અને ફાઇનલ મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. આ મેરીટ યાદીમાં સમાવેશ થયેથી યોજનાનો લાભ મળશે જ તેવો દાવો કરી શકાશે નહિ.

"કોમન એન્ટ્રન્સ ટેસ્ટ-(CET)2025"નું પરીણામ શાળા દ્વારા https://schoolattendancegujarat.in/ પોર્ટલથી જાણી શકાશે.

સ્થળઃ-ગાંધીનગર.
તા.07/04/2025

(પી.કે.ત્રિવેદી)
અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ,
ગાંધીનગર.

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ :</u>

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. અગ્ર સચિવશ્રી(પ્રા.મા.શિક્ષણ)ના અંગત મદદનીશશ્રી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર.
- માન.સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સમગ્ર શિક્ષા, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર.
- માન.કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- શાસનાધિકારી, તમામ.